## Set - A

1 બે શબ્દો જોડાય ત્યારે એમના સ્વર વ્યંજનમાં જે પરિવર્તન આવે તેને શું કહેવાય?

(A) કૃદંત (B) સંધિ (C) નિપાત (D) વિભક્તિ

2 'શર્વરી' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(A) સવાર (B) રાત્રિ (C) નદી (D) તીર

3 મનહર છંદમાં પહેલી પંક્તિમાં કેટલા અક્ષરો હોય છે?

(A) 12 (B) 14 (C) 16 (D) 18

4 નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?

(A) સહાનુભુતી (B) સહાનૂભુતી (C) સહાનુભૂતિ (D) સહાનુભૂતી

5 પર્યાવરણ શબ્દની સંધિ છોડો.

(A) પર્યા + વરણ (B) પર્યાવ + રણ (C) પરિ + વરણ (D) પરિ + આવરણ

6 'માનવસેવા' સમાસનો પ્રકાર જણાવો.

(A) દ્રીગુ (B) ઉપપદ (C) તત્પુરુષ (D) દ્રન્દ્ર

7 કુદરત દ્વારા વૃક્ષોની સંભાળ લેવાય છે - કર્તરી વાક્ય બનાવો.

(A) કુદરત વૃક્ષોની સંભાળ લેશે. (B) કુદરત વૃક્ષોની સંભાળ લે છે.

(C) કુદરત વૃક્ષોની સંભાળ લેતી હતી. (D) કુદરત વૃક્ષોને સંભાળે છે.

8 નકશામાં જોયું તે ન કશામાં - કયો અલંકાર છે તે જણાવો.

(A) શ્લેષ (B) અનન્વય (C) યમક (D) રૂપક

9 'ભારત' સંજ્ઞાનો પ્રકાર જણાવો.

(A) જાતિવાચક સંજ્ઞા (B) વ્યક્તિવાચક સંજ્ઞા (C) ભાવવાચક સંજ્ઞા (D) દ્રવ્યવાચક સંજ્ઞા

10 'સોડ તાણીને સૂઈ જવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.

(A) ચાદર ઓઢીને સૂઈ જવું (B) લાંબા થઈને સૂઈ જવું

(C) મૃત્યુ પામવું (D) ખાટલામાં આડા પડવું

11 'અધૂડો ઘડો છલકાય ઘણો' કહેવાતનો અર્થ સમજાવો.

(A) કહેવું કાંઈને કરવું કાંઈ (B) પૂરેપૂરો ભરેલો ઘડો છલકાતો નથી

(C) ઓછી આવડતવાળો વધારે દેખાવ કરે (D) પૂરો ભરેલો ઘડો અવાજ કરતો નથી

12 'અંગૂઠા પાસેની આંગળી' - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) તર્જની (B) અનામિકા (C) કનિષ્ઠિકા (D) મધ્યમા

13 'સંહાર' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(A) આહાર (B) સર્જન (C) પ્રહાર (D) વિસર્જન

14 આપેલા શબ્દો પૈકી 'વિશેષણ' દર્શાવતો શબ્દ કયો છે?

(A) કાળો (B) રંગ (C) સૈન્ય (D) ઝડપથી

15 લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય - કયો છંદ છે?

(A) પૃથ્વી (B) મંદાક્રાંતા (C) શિખરિણી (D) ચોપાઈ

16 Give plural form of grief.

(A) griefs (B) grieves (C) griefes (D) grief

17 This book is useful ______________ it.

(A) isn't (B) don't (C) doesn't (D) wasn't

18 I ___________ in this house since 1985. (Fill in the blank with a proper verb)

(A) have lived (B) are living (C) have been living (D) was lived

19 Identify the active voice construction from the following sentences.

(A) Lata sang the song. (B) The door is being opened by the guard.

(C) The song was sung by Lata. (D) The letter has been posted by him.

20 She said that she was reading a book. (Choose the correct direct speech of the sentence)

(A) She said, "I read a book." (B) She said, "She is reading a book."

(C) She said, "I am reading a book." (D) She said, "I was reading a book."

21 He doesn't like __________ milk. (Fill in the blank with an appropriate article)

(A) a (B) an (C) the (D) no article

22 She quickly finished her homework. (Find out the word indicating an adverb from the sentence)

(A) quickly (B) she (C) home work (D) finished

23 Find out the common noun from the following options.

(A) India (B) Taj Mahal (C) Teacher (D) Honesty

24 The books are on the table. (Identify the preposition in the sentence)

(A) the (B) table (C) are (D) on

25 What is the meaning of the phrasal verb "give up"?

(A) donate something (B) admit defeat (C) hand over (D) increase

26 Choose the synonym of "Abundant".

(A) Scarce (B) Rare (C) Plentiful (D) Insufficient

27 Choose the antonym of "Hostile".

(A) Friendly (B) Angry (C) Violent (D) Harsh

28 He studied hard __________ he should fail. (Choose correct conjunction)

(A) so (B) because (C) yet (D) lest

29 Find out the singular form of the word "syllabi" from the following.

(A) syllable (B) syllabus (C) syllabis (D) syllabic

30 The patient ____________ before the doctor came. (Fill in the blank with a proper verb)

(A) has died (B) died (C) had died (D) will die

31 નીચેનામાંથી કઈ અવિભાજ્ય સંખ્યા છે?

(A) 607 (B) 91 (C) 3599 (D) 649

32 બે સંખ્યાઓ વચ્ચેનો તફાવત 48 છે અને એક સંખ્યા એ બીજી સંખ્યાની 5 ગણી છે તો તે સંખ્યા કઈ છે?

(A) 20 અને 4 (B) 55 અને 11 (C) 90 અને 18 (D) 60 અને 12

33 સંખ્યા 11174 એ નીચેનામાંથી કઈ સંખ્યા વડે વિભાજ્ય છે?

(A) 68 (B) 72 (C) 74 (D) 81

34 નીચેનામાંથી કઈ સંખ્યા પૂર્ણવર્ગ છે?

(A) 1536 (B) 1764 (C) 2986 (D) 3916

35 $887^2 - 113^2$ મૂલ્યાંકન કરો.

(A) 772000 (B) 773000 (C) 774000 (D) 775000

36 79507 નું ઘનમૂળ __________ થાય.

(A) 33 (B) 39 (C) 43 (D) 53

37 બે સંખ્યાઓનો ગુણાકાર 8427 છે અને તેમનો ગુ.સા.અ. 53 છે તો તેમનો લ.સા.અ. શોધો.

(A) 157 (B) 159 (C) 163 (D) 164

38 નીચેનામાંથી કયો અપૂર્ણાંક સૌથી મોટો છે?

$\frac{2}{3}, \frac{6}{55}, \frac{10}{45}, \frac{74}{86}$

(A) $\frac{2}{3}$ (B) $\frac{6}{55}$ (C) $\frac{10}{45}$ (D) $\frac{74}{86}$

39 180 - 6 ÷ 3 + 2 નું સાદું રૂપ આપો.

(A) 34 (B) 35 (C) 60 (D) 180

40 1399 X 1399 નું મૂલ્ય કેટલું થાય?

(A) 1927201 (B) 1937201 (C) 1947201 (D) 1957201

41 આપેલ સમાંતર શ્રેણીનું 10 મુ પદ શોધો? 3, 7, 11, 15, ...............

(A) 35 (B) 39 (C) 43 (D) 47

42 એક પરીક્ષામાં 8 વિધાર્થીઓના સરેરાશ ગુણ 72 છે. જો વધુ એક વિધાર્થી પરીક્ષામાં જોડાય અને 81 ગુણ મેળવે તો નવી સરેરાશ કેટલી થશે?

(A) 73 (B) 74 (C) 75 (D) 76

43 જો કોઈ માહિતીના મધ્યક અને બહુલક અનુક્રમે 4 અને 10 હોય તો તેનો મધ્યસ્થ _________ થશે.

(A) 1.5 (B) 5.3 (C) 6 (D) 16

44 એક વિધાર્થીએ સાચા જવાબ આપ્યા કરતાં બમણા જવાબ ખોટા આપ્યા. જો તેણે કુલ 45 જવાબ આપ્યા હોય તો તેણે કેટલા સાચા જવાબ આપ્યા?

(A) 10 (B) 15 (C) 25 (D) 30

45 એક વ્યવસાયમાં A અને B ની ભાગીદારી 5:3 ના ગુણોત્તરમાં છે. જો A એ 12 મહિના માટે ₹ 70,000 રોક્યા હોય તો B એ ₹ 60,000 કેટલા મહિના માટે રોક્યા હશે?

(A) 7 માસ (B) 8.4 માસ (C) 9 માસ (D) 10.2 માસ

46 એક સંખ્યા બીજી સંખ્યાની 40 % છે. જો બીજી સંખ્યા 250 હોય તો પ્રથમ સંખ્યા કેટલી હશે?

(A) 90 (B) 100 (C) 110 (D) 120

47 એક દુકાનદારે એક વસ્તુ વેચાણ કિંમત પર 20 % નફાએ ₹ 1416 માં વેચી તો તે વસ્તુની ખરીદ કિંમત કેટલી હશે?

(A) ₹ 1132.20 (B) ₹ 283.20 (C) ₹ 1180 (D) ₹ 1056

48 ખાતરની 50 કિલોની થેલી પર સરકાર ₹ 60 સબસીડી આપે છે, સરકાર કુલ 7 લાખ ટન ખાતર ઉપર સબસીડી આપે છે તો સરકારને વર્ષમાં કેટલી સબસીડી આપવી પડશે?

(A) ₹ 8.4 કરોડ (B) ₹ 28 કરોડ (C) ₹ 48 કરોડ (D) ₹ 84 કરોડ

49 એક રકમનો 12.5% વાર્ષિક દરે 2 વર્ષના ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો તફાવત ₹ 781.25 છે. એ રકમ કેટલી હશે?

(A) 50000 (B) 78125 (C) 78215 (D) 87125

50 48 લિટરના મિશ્રણમાં દૂધ અને પાણીનો ગુણોત્તર 9 : 7 છે, આ ગુણોત્તર 1 : 1 બનાવવા માટે મિશ્રણમાં કેટલા લિટર પાણી ઉમેરવું પડે?

(A) 2 (B) 6 (C) 11 (D) 12

51 12 બેગ અને 17 પેનની કુલ કિંમત ₹ 1109 છે. જ્યારે 10 બેગ અને 7 પેનની કુલ કિંમત ₹ 917 છે. તો 9 બેગની કિંમત 13 પેનની કિંમત કરતાં કેટલી વધારે હશે?

(A) ₹ 805 (B) ₹ 806 (C) ₹ 810 (D) ₹ 811

52 સાત વર્ષ પહેલાં પિતાની ઉંમર અને પુત્રની ઉંમરનો ગુણોતર 5:2 હતો છ વર્ષ પછી પિતાની ઉંમર તેના પુત્ર કરતા બમણી થશે પિતાની હાલની ઉંમર કેટલી છે?

(A) 60 વર્ષ (B) 66 વર્ષ (C) 72 વર્ષ (D) 76 વર્ષ

53 કિરણ અને રાધાની ઉંમરનો સરવાળો 33 છે. 6 વર્ષ પછી રાધાની ઉંમર કિરણની ઉંમરના અડધી હશે. તો રાધાની હાલની ઉંમર શોધો.

(A) 9 વર્ષ (B) 11 વર્ષ (C) 12 વર્ષ (D) 16 વર્ષ

54 10 વર્ષ પહેલા યુવરાજની ઉંમર રોહિતની તે સમયની ઉંમરના 1/3 જેટલી હતી. જો હાલ યુવરાજની ઉંમર 18 વર્ષ હોય તો રોહિતની હાલની ઉંમર કેટલી હશે?

(A) 34 વર્ષ (B) 36 વર્ષ (C) 38 વર્ષ (D) આપેલ પૈકી એક પણ નહીં

55 A અને B સાથે મળીને એક કામને 15 દિવસમાં પૂરું કરી શકે છે. A એકલો તે કામને 20 દિવસમાં પૂરું કરી શકે છે. તો B એકલો તે કામને કેટલા સમયમાં પૂરું કરશે?

(A) 30 દિવસ (B) 48 દિવસ (C) 54 દિવસ (D) 60 દિવસ

56 એક કામ A 10 દિવસમાં અને B 15 દિવસમાં પૂર્ણ કરે છે. 5 દિવસ સુધી A અને B કામ કરે છે, પછીનું કામ C એકલો બીજા 2 દિવસમાં પૂર્ણ કરે છે. જો કુલ મજૂરી ₹ 30000 હોય તો C ને કેટલા ₹ મળશે?

(A) 5000 (B) 4500 (C) 4000 (D) 3000

57 ત્રણ પાઈપો P, Q અને R એક ટાંકીને 8 કલાકમાં ભરી શકે છે. ત્રણ કલાક સુધી એકસાથે ચાલુ કર્યા પછી, પાઇપ Q ને બંધ કરવામાં આવે છે અને પાઈપ P અને પાઈપ R મળીને બાકીનો ભાગ 10 કલાકમાં ભરી શકે છે. તો ટાંકીને સંપૂર્ણપણે ભરવા માટે એકલા પાઈપ Q દ્વારા લેવામાં આવેલો સમય (કલાકોમાં) શોધો.

(A) 12 (B) 14 (C) 16 (D) 18

58 40 કિમી નું અંતર કાપવા માટે A, B કરતા 2 કલાક જેટલો વધુ સમય લે છે. જો B ની ઝડપ 80 કિમી/કલાક હોય તો A ની ઝડપ કેટલી હશે?

(A) 12 કિમી/કલાક (B) 14 કિમી/કલાક (C) 16 કિમી/કલાક (D) 18 કિમી/કલાક

59 એક ટ્રેન એક થાંભલાને 15 સેકન્ડમાં અને એક 100 મીટર લાંબા પ્લેટફોર્મને 25 સેકન્ડમાં પસાર કરે તો ટ્રેનની લંબાઈ કેટલી હશે?

(A) 100 મીટર (B) 120 મીટર (C) 140 મીટર (D) 150 મીટર

60 એક પ્રવાહની ઝડપ 8 km/hr છે. એક હોડી 9 કલાકમાં પ્રવાહની દિશામાં 45 km અને પ્રવાહની વિરૂધ દિશામાં 27 km જઈ શકે છે. તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ (km/hr માં) કેટલી છે?

(A) 7 (B) 12 (C) 15 (D) 19

61 એક ત્રિકણોની ત્રણ બાજુઓના માપ 50મી, 78મી અને 112મી હોય તો તેનું ક્ષેત્રફળ કેટલા ચો.મી. થશે?

(A) 1680 (B) 1780 (C) 1844 (D) ઉપરોકત પૈકી કોઈ નહી.

62 એક ગોળાની ત્રિજ્યા 21 સેમી હોય તો તેનું ઘનફળ કેટલું થશે?

(A) 12438 ઘન સેમી (B) 32808 ઘન સેમી

(C) 38808 ઘન સેમી (D) ઉપરોકત પૈકી કોઈ નહીં

63 પાંચ સભ્યોની એક સમિતી બનાવવાની છે, તો 6 પુરુષો અને 5 મહિલાઓમાંથી 3 પુરુષો અને 2 મહિલાઓની સમિતી કેટલા પ્રકારે બનાવી શકાય?

(A) 24 (B) 50 (C) 100 (D) 200

64 એક પાસાને ફેંકવામાં આવે તો તેની પર બેકી સંખ્યા આવે તેની સંભાવના કેટલી?

(A) 2/3 (B) 3/4 (C) 1/2 (D) ઉપરોકત પૈકી કોઈ નહીં

65 બાવન પાનામાંથી એક પાનું યથેચ્છ રીતે ખેંચવામાં આવે તો તે પાનું રાજા અથવા રાણીનું હોય તેની સંભાવના કેટલી?

(A) 8/13 (B) 4/13 (C) 3/13 (D) 2/13

નીચેના કોષ્ટક અને માહિતીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો 66 થી 70 માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
એક શાળામાં ભણતા છોકરાઓ અને છોકરીઓ પૈકી જુદી જુદી રમતોમાં ભાગ લીધેલ છોકરાઓની વર્ગવાર સંખ્યા નીચેના કોષ્ટક મુજબ છે.

| રમત→<br>વર્ગ ↓ | ક્રિકેટ | ફૂટબોલ | હોકી | ચેસ | બેડમિન્ટન |
|---|---|---|---|---|---|
| ધોરણ-7 | 22 | 18 | 24 | 12 | 6 |
| ધોરણ-8 | 20 | 16 | 16 | 12 | 8 |
| ધોરણ-9 | 24 | 8 | 22 | 12 | 14 |
| ધોરણ-10 | 18 | 20 | 22 | 8 | 6 |
| ધોરણ-11 | 12 | 14 | 18 | 8 | 14 |
| ધોરણ-12 | 24 | 12 | 20 | 8 | 6 |

માહિતી :

(1) દરેક વર્ગમાં પ્રત્યેક છોકરો અને છોકરી રમતમાં ફરજીયાત ભાગ લે છે.

(2) દરેક છોકરો અને છોકરી માત્ર એક રમતમાં ભાગ લે છે.

(3) આપેલા તમામ વર્ગોમાં છોકરાઓની કુલ સંખ્યા 444 છે.

(4) દરેક રમતમાં પ્રત્યેક વર્ગમાંથી ભાગ લેનાર છોકરીઓની સંખ્યા જે તે વર્ગના તે રમતમાં ભાગ લીધેલ છોકરાઓની સંખ્યાના 50% જેટલી છે.

66 ધોરણ-7 ની છોકરીઓની સંખ્યા અને ધોરણ-12 ના છોકરાઓની સંખ્યાનો સરવાળો, શાળાની કુલ સંખ્યાના કેટલા ટકા છે?

(A) 16.67 % (B) 20% (C) 21% (D) આપેલ પૈકી એક પણ નહીં

67 હોકી રમતી છોકરીઓની સંખ્યા કરતા નીચે પૈકી કોની સંખ્યા વધારે છે?

(A) ચેસ રમતા છોકરાઓની સંખ્યા

(B) બેડમિન્ટન રમતા છોકરાઓની સંખ્યા

(C) ધોરણ-9 ના તમામ રમતો રમતા છોકરાઓની સંખ્યા

(D) ધોરણ-10 ની તમામ રમતો રમતી છોકરીઓની સંખ્યા

68 ધોરણ-12 ના બેડમિન્ટન રમતા કુલ વિદ્યાર્થીઓમાંથી 5 વિદ્યાર્થીઓની સમિતિ બનાવવામાં આવે તો એક ચોક્કસ વિદ્યાર્થી હંમેશા એ સમિતિમાં રહે તે રીતે કુલ કેટલી જુદી જુદી રીતે તે સમિતિ બનાવી શકાય?

(A) 126 (B) 70 (C) 66 (D) 56

69 ધોરણ-7 માં જુદી જુદી રમતો રમતા છોકરાઓની સંખ્યાની માહિતીનો મધ્યસ્થ કેટલો થશે?

(A) 18 (B) 21 (C) 22 (D) 24

70 ધોરણ-11 માં જુદી જુદી રમતો રમતા છોકરાઓની કુલ સંખ્યા, સમગ્ર શાળાના છોકરાઓની કુલ સંખ્યાના કેટલા ટકા છે?

(A) 11.74% (B) 12.61% (C) 14.86% (D) 18.73%

71 નીચે આપેલા વિકલ્પોમાંથી કઈ જોડી નીચે આપેલી પ્રસ્તુતિને સમાન છે?

148 : 841

(A) 264 : 426 (B) 339 : 393 (C) 345 : 543 (D) 115 : 151

72 જે રીતે બીજી સંખ્યા સાથે પહેલી સંખ્યા સંબંધિત છે, એ રીતે ત્રીજી સંખ્યા સાથે સંબંધિત હોય એ સંખ્યા નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો.

17 : 272 : 21 : ?

(A) 440 (B) 480 (C) 420 (D) 520

73 જો 53 = 20, 64 = 32, 75 = 44, તો 86 = ?

(A) 52 (B) 54 (C) 56 (D) 58

74 આપેલી શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન(?)ના સ્થાને શું આવવું જોઈએ?

8, 19, 35, 73, 143, ?

(A) 286 (B) 289 (C) 268 (D) 298

75 ખાલી જગ્યા પૂરો : 1, 121, 441, 961, __________

(A) 1641 (B) 1681 (C) 1741 (D) 1781

76 શ્રેણી પૂર્ણ કરો.

380, 465, 557, 656, 762, 875, ________

(A) 955 (B) 975 (C) 995 (D) 1015

77 આપેલ શ્રેણિમાં પ્રશ્નાર્થ ચિહ્નને સ્થાને કયો વિકલ્પ આવશે?

FGH, JKL, ?, RST, VWX

(A) MOQ (B) OPQ (C) MNO (D) NOP

78 જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને 'x' અને '÷' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

10 ÷ 2 - 4 + 6 × 3 = ?

(A) 23 (B) 21 (C) 22 (D) 24

79 એક વ્યક્તિ પોતાના ઘરેથી પૂર્વ દિશામાં 25 કિ.મી. ચાલે છે ત્યાર પછી તે દક્ષિણ દિશામાં 15 કિ.મી ચાલે છે. ત્યારબાદ તે પશ્ચિમ દિશામાં 25 કિ.મી. ચાલે છે તો હવે તે પોતાના ઘરેથી કેટલા કિ.મી દૂર હશે ?

(A) 15 કિ.મી. (B) 35 કિ.મી. (C) 10 કિ.મી. (D) 25 કિ.મી

80 75 લોકોની એક હરોળમાં રોનકનો ક્રમ ડાબી બાજુથી 18મો છે અને એ જ હરોળમાં મૌલિકનો ક્રમ જમણી બાજુથી 34મો છે તો બંને વચ્ચે કુલ કેટલા લોકો બેઠા હશે?

(A) 22 (B) 23 (C) 24 (D) આપેલ પૈકી એકપણ નહિ

81 A, B, C, D અને E ની ઉંમર અલગ અલગ છે. D સૌથી નાનો છે. A એ E કરતા મોટો છે. C એ B કરતા મોટો છે. C એ E કરતા નાનો છે. તો તેમાંથી બીજો સૌથી નાનો કોણ છે?

(A) B (B) A (C) C (D) D

82 2713958 સંખ્યામાંના દરેક અંકોને ડાબેથી જમણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબેથી બીજા અને જમણેથી બીજા સ્થાને આવેલા અંકોનો સરવાળો કેટલો થશે?

(A) 18 (B) 11 (C) 15 (D) 10

83 વર્ષ 2025 માં સ્વતંત્ર દિવસ શુક્રવારે હતો, તો 2027ના વર્ષનો સ્વતંત્ર દિવસ કયા વારે હશે?

(A) સોમવાર (B) ગુરૂવાર (C) રવિવાર (D) શુક્રવાર

84 કાંટાવાળી ઘડિયાળમાં 6:40 વાગ્યાનું જળમાં પ્રતિબિંબ કયો સમય દર્શાવશે?

(A) 11:50 (B) 12:10 (C) 17:20 (D) આપેલ પૈકી એકપણ નહિ

85 S એ D નો પુત્ર છે. D એ F ની પત્ની છે. F એ H ના પિતા છે. H એ K ની બહેન છે. તો S ને K સાથે શું સંબંધ છે?

(A) પિતા (B) ભાઈ (C) પતિ (D) પુત્ર

86 ચાર મિત્રો A, B, C અને D એક લાઈનમાં બેઠા છે. A, B ની જમણી બાજુ અને D ની ડાબી બાજુ છે. C જમણા છેડે છે. ડાબી બાજુથી બીજા સ્થાને કોણ બેઠું છે?

(A) D (B) C (C) B (D) A

87 એક પ્રશ્ન બાદ (I) અને (II) નંબરવાળા બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 5 લોકો, A, B, C, D અને E એક ગોળાકાર ટેબલની આસપાસ મધ્ય તરફ મુખ કરીને બેસે છે. તો Cની તરત ડાબી બાજુએ કોણ બેસે છે?

વિધાનો: (I) C એ E ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે.

(II) B એ A ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.

(A) વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(B) વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) વિધાન I માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

(D) વિધાન II માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

88 આપેલ વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે, વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ જણાતી હોય, અને નક્કી કરો કે નીચે આપેલ તારણોમાંથી કયું/કયા તારણ(ણો) તાર્કિક રીતે વિધાનોને અનુસરે છે.

વિધાનો: કેટલીક કાર એ ટ્રક છે.

બધા બોક્સ એ ટ્રક છે.

તારણો: (I) કેટલીક કાર એ બોક્સ છે.

(II) બધા ટ્રક એ બોક્સ છે.

(A) ન તો તારણ (I) કે ન તો (II) અનુસરે છે. (B) તારણ (I) અને (II) બંને અનુસરે છે.

(C) માત્ર તારણ (II) અનુસરે છે. (D) માત્ર તારણ (I) અનુસરે છે.

89 મોકાસદાર = 80, તો જરવાળિયું = ?

(A) 70 (B) 60 (C) 50 (D) 90

90 જ્યાં લાગુ પડતં હોય ત્યાં, સરવાળા અને બાદબાકીની પ્રક્રિયાનો ઉપયોગ કરીને નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્ન ચિહ્ન (?) ની જગ્યાએ શું આવશે?

33, 28, 39, 34, 45, ?, ?

(A) 40, 51 (B) 46, 35 (C) 51, 40 (D) 35, 46

નિમ્ન વિધાનો વાંચી અને પ્રશ્ન નંબર 91 થી 95ના જવાબ આપો:

એક હોટલમાં 5 મિત્રો અમિત, ભારતી, ચરણ, દિપક અને ઈશાન બેઠા છે. તે 5 વિભિન્ન રંગોની ટોપી પહેરીને બેઠા છે – પીળી, વાદળી, લીલી, સફેદ અને લાલ. એ સિવાય તેઓ 5 વિભિન્ન નાસ્તા - બર્ગર, સેન્ડવિચ, આઈસક્રીમ, પેસ્ટ્રી અને પિઝ્ઝા ખાઈ રહ્યા છે.

(1) લાલ ટોપી પહેરેલો વ્યકિત પેસ્ટ્રી ખાય છે.

(2) અમિત આઈસક્રીમ ખાતો નથી અને ચરણ સેન્ડવિચ ખાય છે.

(3) ભારતી એ પીળી ટોપી પહેરી છે અને અમિતે વાદળી ટોપી પહેરી છે.

(4) ઈશાન પિઝ્ઝા ખાય છે અને તેને લીલી ટોપી પહેરી નથી.

91 અમિત શું ખાય છે?

(A) આઈસક્રીમ (B) સેન્ડવિચ (C) બર્ગર (D) પેસ્ટ્રી

92 લીલી ટોપી કોણે પહેરી છે?

(A) ચરણ (B) ભારતી (C) અમિત (D) દિપક

93 આઈસક્રીમ કોણ ખાય છે?

(A) ચરણ (B) ભારતી (C) અમિત (D) દિપક

94 ઈશાને પહેરેલી ટોપીનો રંગ કયો છે?

(A) લીલી (B) વાદળી (C) પીળી (D) સફેદ

95 નિમ્નમાંથી કયું જોડકું સાચું નથી?

(A) લીલી ટોપી + પિઝ્ઝા (B) લાલટોપી + પેસ્ટ્રી

(C) પીળી ટોપી + આઈસક્રીમ (D) વાદળી ટોપી + બર્ગર

96 જો કોઈ સાંકેતિક ભાષામાં ARMY નો કોડ BTPC હોય તો POLICE શબ્દનો કોડ શું થાય?

(A) QQOMHK (B) QROMHK (C) QPMJDF (D) આપેલ પૈકી એકપણ નહિ

97 જો '-'નો અર્થ ગુણાકાર,' x 'નો અર્થ સરવાળો, '÷' નો અર્થ બાદબાકી અને '+' નો અર્થ ભાગાકાર હોય તો નીચેની પદાવલીનું મૂલ્ય શોધો.

8 - 3 ÷ 16 x 36 + 6

(A) 10 (B) 12 (C) 14 (D) 16

98 A, B, C, D અને E દરેક અલગ અલગ ગુણ મેળવ્યા માત્ર બે જ લોકોએ D કરતાં ઓછા ગુણ મેળવ્યા. માત્ર એક જ વ્યકિતએ A કરતાં વધુ ગુણ મેળવ્યા. B એ E કરતા વધુ ગુણ મેળવ્યા નથી. B એ સૌથી ઓછા ગુણ મેળવ્યા નથી. તો કુલ કેટલા લોકોએ C કરતાં વધુ ગુણ મેળવ્યા?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

99 નીચેના શબ્દોને શબ્દકોશમાં, મૂળાક્ષર મુજબ ગોઠવતાં છેલ્લો શબ્દ કયો હશે?

(A) Abandon (B) Actuate (C) Accumulate (D) Acquit

100 એક ચોકકસ સાંકેતિક ભાષામાં,

'A + B' નો અર્થ A એ B નો પુત્ર છે.

'A - B' નો અર્થ A એ B નો ભાઈ છે.

'A × B' નો અર્થ A એ B ની પત્ની છે. અને

'A ÷ B' નો અર્થ A એ B ના પિતા છે.

જો 'C × V - R ÷ N + M' હોય તો C નો M સાથે શું સંબંધ છે?

(A) પતિના ભાઈની પત્ની (B) પતિના ભાઈની પુત્રી

(C) ભાઈની પુત્રી (D) ભાઈની પત્ની